## –:: આંક–૫ લગત હુકમ ::–

**૧.** અરજી તથા કેસ પેપર્સ વંચાણે લીધા. એપેલેન્ટ તથા રીસ્પોન્ડન્ટના વિ.વ.શ્રીને સાંભળ્યા. હાલની અરજી એપેલેન્ટ/આરોપીને મોરબીના એડી.જયુડી.મેજી.ફ.ક. નાઓએ ફોજદારી કેસ નં. ૨૩૯૩/૨૦૨૪ ના કામે તા. ૧૭–૦૨–૨૦૨૬ ના રોજ તકસીરવાન ઠરાવી સજા અને દંડ બાબતે કરેલ હુકમ અપીલનો નીર્ણય થતા સુધી મોકુફ રાખવા તથા અપીલ સમય દરમ્યાનના જામીન આપવા દાખલ કરેલ છે. ટ્રાયલ કોર્ટે આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ– ૨૭૮(૨) તથા ૩૯૨ અન્વયે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો તેમજ આરોપીએ ફરીયાદીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ– ૩૯૫(૧) અને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ– ૩૯૬ મુજબ વિવાદીત ચેકની બાકી નીકળતી રકમ રૂ. ૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) ની ડબલ રકમ રૂ. ૧૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ લાખ પુરા) નો દંડ ફરમાવવામાં આવેલ તથા તે દંડમાંથી ફરીયાદીને ફરીયાદવાળા ચેકની રકમ ફરીયાદ તારીખથી ચુકવણી તારીખ સુધીના વાર્ષિક ૯% વ્યાજ સહીત ચુકવી આપવા તથા દંડ ભરવામાં કસુર થયેથી આરોપીએ વધુ ૯૦ (નેવું) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવેલ છે.

**૨.** એપેલેન્ટના વિ. વ. શ્રી જે.ડી.સોલંકી ની દલીલ છે કે, અપીલ ચાલતા લાંબો સમય લાગે તેમ હોય અને તેઓની અપીલ મંજુર થાય તેવી પુરી શક્યતા હોય જેથી અપીલના આખરી નિકાલ સુધી ટ્રાયલ કોર્ટના હુકમને સ્ટે કરવા તથા એપેલેન્ટને અપીલ ચાલતા સુધી જામીન મુકત કરવા અરજ કરેલ છે. વધુમાં એવી રજુઆત કરેલ છે કે, એપેલેન્ટ પ્રતિષ્ઠા ધરાવતા હોય તેમજ કુટુંબ કબીલાવાળા માણસ છે. એપેલેન્ટ કયાંય નાશી ભાગી જાય તેમ નથી કે એપેલેન્ટ સમાજને અસરકર્તા કોઇ ગુનો કરેલ નથી અને કેસ ચાલતા દરમ્યાન હાજર પણ રહે છે. જેથી કયાય નાસી ભાગી જાય તેમ નથી તેથી હાલની અરજી મંજુર કરવા વિનંતી છે.

**૩.** હાલના કામે રીસ્પોન્ડન્ટ/મુળ ફરીયાદી તરફે વિ.વ.શ્રી બી.એસ.જેઠા નાઓ હાજર થયેલ છે અને આંક–૫ ની અરજી હેઠળ એપેલેન્ટ (મુળ આરોપી) ને ચેકની રકમના ૨૦% રકમ ન ભરે તો તથા આરોપીને જામીનમુકત કરવામાં આવે તો વાંધો ન હોવા અંગેનો શેરો કરેલ છે.

**૪.** હાલના કામનું રેકર્ડ જોઇએ તો એ હકીકત ફલીત થાય છે કે, એપેલેન્ટ/આરોપીને મોરબીના એડી.જયુડી.મેજી.ફ.ક. નાઓએ ફોજદારી કેસ નં. ૨૩૯૩/૨૦૨૪ ના કામે તા. ૧૭–૦૨–૨૦૨૬ ના રોજ બી.એન.એસ.એસ.ની કલમ– ૨૭૮(૨) તથા ૩૯૨ અન્વયે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો તેમજ આરોપીએ ફરીયાદીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ– ૩૯૫(૧) અને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ– ૩૯૬ મુજબ વિવાદીત ચેકની બાકી નીકળતી રકમ રૂ. ૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) ની ડબલ રકમ રૂ. ૧૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ લાખ પુરા) નો દંડ ફરમાવવામાં આવેલ તથા તે દંડમાંથી ફરીયાદીને ફરીયાદવાળા ચેકની રકમ ફરીયાદ તારીખથી ચુકવણી તારીખ સુધીના વાર્ષિક ૯% વ્યાજ સહીત ચુકવી આપવા તથા દંડ ભરવામાં કસુર થયેથી આરોપીએ વધુ ૯૦ (નેવું) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવેલ છે. વધુમાં એપેલેન્ટ/આરોપી મોરબી જીલ્લાના રહેવાસી હોય અને મુદતે હાજર રહેવાની ખાતરી આપેલ છે. આમ, આવા સંજોગોમાં આ અદાલતના મત મુજબ આ અપીલ હજુ નવી દાખલ થયેલ છે અને બન્ને પક્ષે દલીલ સાંભળ્યા બાદ દલીલનો આખરી નિર્ણય કરવાનો રહે છે તેથી હાલ પુરતા એપેલેન્ટ/આરોપીને યોગ્ય રકમના જામીન ઉપર મુક્ત કરવા જરૂરી છે. આથી આ કામે ન્યાયના હીતમા નીચે જણાવ્યા મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

**૧.** મોરબીના એડી.જયુડી.મેજી.ફ.ક. નાઓએ ફોજદારી કેસ નં. ૨૩૯૩/૨૦૨૪ ના કામે એપેલેન્ટ/આરોપીને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ

એકટની કલમ–૧૩૮ મુજબના ગુના સબબ તા. ૧૭–૦૨–૨૦૨૬ ના રોજ કરેલ હુકમ આ અપીલનો આખરી નિર્ણય થતા સુધી સ્થગીત કરવામાં આવે છે અને એપેલેન્ટ/આરોપીને રૂા. ૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકા કરી આપ્યેથી નીચેની શરતોને આધીન હાલની અરજી મંજુર કરવા હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

**૧.** અપીલની સુનાવણી દરમ્યાન દર મુદતે એપેલેન્ટ/આરોપીએ અત્રેની અદાલત સમક્ષ હાજર રહેવુ.

**૨.** અત્રેની અદાલતની પુર્વ પરવાનગી વગર એપેલેન્ટ/આરોપીએ ભારત દેશની હદ છોડવી નહિ.

**૩.** રીસ્પોન્ડન્ટ/ફરીયાદીપક્ષના સાહેદોને ધાક ધમકી કે લાલચ આપવી નહી.

**૪.** એપેલેન્ટ/આરોપી શરતોનું પાલન કરવામાં ચૂક કરે તો તેઓને આપવામાં આવેલ આ જામીન આપોઆપ રદ ગણવાના રહેશે.

– એપેલેન્ટ/આરોપીએ અપીલ સમયના જામીન અત્રેની અદાલત સમક્ષ આપવા.

– હુકમની યાદી જામીન સ્વીકાર્યેથી ટ્રાયલ કોર્ટને પાઠવવી.

– આ હુકમની ખરી નકલ ટ્રાયલ કોર્ટને મોકલી.

આ હુકમ આજરોજ તારીખ : ૧૦, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: મોરબી.
તારીખ : ૧૦/૦૩/૨૦૨૬

**(પ્રથમેશ વિનોદચંદ્ર શ્રીવાસ્તવ)**
સેશન્સ જજ, મોરબી
કોડ નં. જીજે૦૦૩૭૨

AHP